સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

આઠ આના ઘટાડીને ચાર રૂપિયા વધારે છે!
મધ્યમ-વર્ગના ભોગે આર્થિક સ્થિતિ સુધારે છે!
પધારે જેટલી-મોદીની જોડી ધંધા-ગોરખના,
વધાર્યા કરે માંઘવારીને વિકાસ અંધારે છે...

હાઈકુ

દારૂબંધી માં,
હેરફેર હપ્તાથી -
રેલમછેલ!
(રોજનું થયું)

દેખાય ઝાંખું,
આરોગ્ય તંત્ર ને ય -
આવ્યો મોતિયો?!
(અંધાપા કાંડો ની વણઝાર)

ચિંતન

ખલસ્તુ કુશલઃ સાધુ-હિત પ્રત્યૂહ કર્મણિ ।
નિપુણાઃ ફણિનઃ પ્રાણાન્ અપહર્તું નિરાગસામ્ ॥

દુર્જન-દુષ્ટ સ્વભાવના લોકો સજ્જન-સારા સ્વભાવ લોકો જે સમાજના હિતમાં સત્કાર્યો કરતા હોય એવી સામાજિક સંસ્થાઓ કે વ્યક્તિના કાર્યમાં દખલ કરી - ટીકા કરી તેમાં વિઘ્નો નાખી કોઈ પણ પ્રકારે અડચણો ઊભી કરી, વિના કારણ સત્કાર્યો કરવામાં બાધા રુપ બને છે. આવો એમનો જન્મજાત સ્વભાવ છે.

સાપની સાથે આવા લોકોની સરખામણી કરતાં કવિ કહે છે કોઈ નિર્દોષ વ્યક્તિ કંઈ પણ દોષ વગર પોતાને રસ્તે જતી હોય છતાં પણ સર્પ તેને દંશ આપી તેના પ્રાણ હરી લે છે.

સર્પ અને દુર્જન એક સ્વભાવનાં જ છે.

સુવિચાર

- બહારના પડકારોને લીધે નહીં પણ આપણે આપણી અંદર રહેલી નબળાઈઓના કારણે હારીએ છીએ - **અખંડ આનંદ**
- આપણામાંના બહુ ઓછા લોકો જેવા હોઈએ છીએ એવા જ દેખાઈએ છીએ - **આગાથા ક્રિસ્ટી**
- જ્ઞાન વજન આપે છે અને ઉપલબ્ધિઓ ચમક આપે છે - **નવનીત**
- વિચાર કરવાની કળા એટલે ખરી કેળવણી- **એસ. ભટ્ટાચાર્ય**
- પરાજય તો મૃત્યુ કરતાંય ખરાબ છે, કારણ કે તમારે એની સાથે જીવવું પડે છે - **ગોરાન વિડાલ**
- જેના શબ્દો સુંદર છતાં આચરણ વગરનાં છે એ સુંદર રંગોથી સજ્જ પુષ્પ જેવા છે જેમાં સાર્થકતાની સુગંધ હોતી નથી- **બુદ્ધ**
- આજનું ઔષધ : આદુ અને કાંદાનો રસ સરખા ભાગે મેળવીને પીવાથી ઊલ્ટી મટે છે

(સંકલન : દીપક વી. આસરા)

બોધકથા

હાલમાં આખી દુનિયામાં કુદરતી પ્રકોપ વાવાઝોડા-બરફવર્ષા-વરસાદ-પૂરથી 'ડિસ્ટર્બ' છે. વિષ્ણુલોકમાં પણ ખૂબ ગરમી-ખૂબ ટાઢ હતી. નારદ મોટા જયોતિષી હતા...

એકવાર ભગવાન વિષ્ણુને મળવા ગયા. ભગવાને નારદજીને પૂછ્યું, હમણાં હમણાં કુદરત મારા કહ્યામાં રહી નથી. ગમે ત્યારે, ગમે ત્યાં, ટાઢ-તડકા-વરસાદ થાય છે, નાદરજી! તમારું પંચાંગ જોઈ વરસાદ-હવામાનની ચોક્કસ તારીખો કાઢી આપો!

નારદને અભિમાન થયું. ભગવાન જેવા ભગવાનને મારી મદદની જરુર પડી?! નારદે ગ્રહનો અભ્યાસ કર્યો. કહ્યું હાલ પંદર દિવસ સુધી કોઈ યોગ નથી. નક્ષત્ર બદલાય પછી કંઈક આશા બંધાય... એટલું કહી નાદરજી 'નારાયણ - નારાયણ' કરતા બહાર નિકળ્યા... ત્યાં તો દસ મિનિટમાં જ અંધકાર-આંધી છવાયાં અને મૂશળધાર વરસાદ તૂટી પડ્યો. નારદ પાછા આવ્યા. ભગવાન 'રેનકોટ કે છત્રી' આપજો.. જરા...

ભગવાને સ્મિત કર્યું...

નારદ કહે - 'ઈશ્વરેચ્છા બલિયશી...'

સ્વચ્છતામાં ગુજરાત ગૌરવશાળી

સુરત દેશનું સૌથી સ્વચ્છ રેલવે સ્ટેશન જાહેર થયું. એટલું જ નહિ પણ રાજકોટ બીજા સ્થાને અને વડોદરા આઠમા સ્થાને સ્વચ્છ રેલવે સ્ટેશનોની યાદીમાં સ્થાન પામ્યા. 'એ' કેટેગરીમાં પ્રથમ ગાંધીધામ અને જામનગર સ્થાન પામ્યા. આ ઉપરાંત આઠ થી દસ રેલવે સ્ટેશનો એ મોખરાના સ્થાન પ્રાપ્ત કર્યા. ગુજરાત ગૌરવ અનુભવે છે આ પરિણામોથી... સ્વચ્છ ભારત અભિયાન અને સ્વચ્છ રેલવે અભિયાનને ગુજરાતે આત્મસાત કર્યા છે. આ અગાઉ પણ સ્વચ્છ શહેરોની યાદીમાં સુરત-વડોદરા અને રાજકોટ સ્થાન પામ્યા છે. આમ ગુજરાતમા ચાલતું સ્વચ્છ ગુજરાત- સ્વચ્છ ગુજરાત દેશ માટે દિશાદર્શક બની રહ્યું છે.

રેલ્વે સ્ટેશન એટલે ગંદકીનું સામ્રાજ્ય... આ જરુરી જ નહીં અનિવાર્યછે. જાહેર આરોગ્યના ક્ષેત્રમાં પણ ભીડભાડવાળા સ્થાળો ચોખ્ખાચણાક હોવા જોઈએ. આજે પણ આપણા પવિત્ર યાત્રાધામો સ્વચ્છતાનો

તંત્રીસ્થાનેથી...

આપણી વર્ષો જૂની માનસપટ પર છવાયેલી છાપ... પણ હા, બદલાઈ રહી છે. રેલવે સ્ટેશનો પણ સ્વચ્છ બની રહ્યા છે. એ એક સારી નિશાની છે. હજ્જારો મુસાફરોની આવનજાવન વાળી જગ્યા સ્વચ્છ રહેવી જોઈએ એ અસરકારક અમલ કરે છે. હજ્જારો ભાવિકોની આવન-જાવન વાળા યાત્રાધામો કે રેલવે સ્ટેશનો કે બસ સ્ટેશનો જેટલા સ્વચ્છ રહેશે એટલા પ્રમાણમાં જાહેર આરોગ્ય સ્વસ્થ રહેશે. ગુજરાત સદ્નસીબ છે કે સ્વચ્છતાના સંસ્કાર ગુજરાતની ગલીએ ગલીએ દીપી રહ્યા છે.

"ચોખ્ખું ઘરનું આંગણું...
ચોખ્ખો ઘરનો ચોક..."

આ કાવ્ય સંસ્કાર બાળપણથી જ ગુજરાતમાં આરોપાય છે. ગુજરાતના શાસનકર્તાઓ અર્થાત સરકાર તો સ્વચ્છતા માટે ગંભીર છે જ પરંતુ ગુજરાતનો સમાજ તેનાથી પણ વધુ ગંભીર છે અને કોઈ પણ લક્ષ્ય સિદ્ધિમાં સમાજ અને શાસન સાથે જોડાય તો પરિણામ આવે આવે ને આવે જ.

'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' આ વિધાન કે સુવાક્ય સીધુસાદું નથી. જીવનનો મર્મ સમજાવતું આ વાક્ય મંત્ર સમાન છે. પરમ તત્ત્વ પાસે સ્વસ્થતા માટે, ગતિપ્રગતિ માટેની પ્રાર્થના જ હોય છે. પણ ગતિ-પ્રગતિ અને સ્વસ્થતા માટે સ્વચ્છતા પાયાની શરત છે. સ્વચ્છતા હોય એટલે આરોગ્યપ્રદ જીવનની અપેક્ષા રાખી શકાય. તન તંદુરસ્તી પુરુષાર્થ કરવા માટે મોકળાશ આપે છે અને મન તંદુરસ્તી ગતિ માટે પ્રેરક બને છે. સ્વચ્છતા તન અને મનની તંદુરસ્તી રાખવાનું અનિવાર્ય અંગ છે અને એટલે જ આપણને સરળ અનુભવાતું વાક્ય 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' વ્યક્તિગત જીવનથી લઈ વૈશ્વિક જીવનમાં ચાવીરુપ જીવનની ભૂમિકા અદા કરે છે. આવનારા દિવસોમાં સ્વચ્છતા આપણા સંસ્કાર બની જાય એવા સંકલ્પને સાકાર કરીએ.

ખાદ્દી અને પ્રામાણિકતાની વચ્ચે કંઈ આવશ્યક સંબંધ નથી!

હેઠે ઉતારેલા સમાજનો શીખ આપતી મહાત્માની દલીલ

અત્યારે ચાલી રહેલા ગુજરાત વિધાનસભા ગૃહમાં 'ખાદી' સંબંધે ખાસ ચર્ચા શાસક અને વિપક્ષ વચ્ચે ગઈકાલે જ થઈ એવું અખબારો નોંધે છે.

આઝાદી સમયથી ખાદીની પ્રવૃત્તિ ગાંધીએ સ્વરાજ પ્રાપ્તિના કેટલાંક ચોક્કસ લક્ષ્યાંકોમાં સામેલ કરી હતી. ગાંધી અને ખાદી એકબીજાના પર્યાય મનાય છે. ગાંધીની વાત આવે ત્યારે ખાદીની વાત થાય અને એવું જ ખાદીની વાત આવે તો અવશ્ય ગાંધીની વાત થાય એવું આપણને જોવા-સાંભળવા મળે છે.

ગાંધી અને ખાદીના સંદર્ભે આજે આપણે વાત કરવી છે. એમાં પણ ગાંધી ખાદી વિશે શું માનતા હતા એ જોવું છે.

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

ખાદીને વિશે એક પત્ર કોઈ પૈસાદાર માણસે ચક્રવર્તી રાજગોપાલાચારીને લખ્યો હતો, આ પત્ર રાજગોપાલાચારીએ ગાંધીજીને મોકલ્યો હતો. આ પત્રને રસિક પત્ર ગણાવવા સાથે ૧૨મી જાન્યુઆરી ૧૯૩૦ના યંગ ઈન્ડિયાના અંકમાં તેનો સાર પ્રસિદ્ધ કર્યો હતો. ગાંધીજીએ જે ને રસિક પત્ર ગણાવ્યો હતો તેનો સાર નીચે મુજબ છે :

મારે કબૂલ કરવું જોઈએ કે આજ લગી ખાદીને વિશે હું બેદરકાર રહ્યો છું. પણ હવે મને ખબર પડી છે કે ખાદીવાળા સત્યને માર્ગે ચાલનારા છે. હમણાં જ હું કોઈમ્બતુરના ખાદી ભંડારે ગયો હતો... મારી સાથે દસ હજાર રૂપિયાની નોટો હતી... બંને મેં બાંકડા ઉપર મૂક્યા. પાછળ વળતાં નોટો વિશે હું સાવ ભૂલી ગયો. થોડા વખત પછી તમારા વાણોતરે આ નોટો જોઈ. એ ખરા મધ્યાહ્ને દોડતા પોલાનુર આવ્યા... એ નોટો મને આપી દીધી...

(સંદર્ભ : ગાંધીજીનો અક્ષરદેહ, ભાગ : ૪, ૪૨, ખાધી અને સચ્ચાઈ, પૃષ્ઠ : ૨૩૮, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ)

આ કાગળ પ્રસિદ્ધ કરવા સાથે ગાંધી સ્પષ્ટ કરે છે, 'આ કાગળ બતાવે છે કે આપણે બુદ્ધિપૂર્વક અને ત્રિરાશિને ન્યાયે નથી ચાલતા. ખાદી અને પ્રામાણિકતાની વચ્ચે કંઈ આવશ્યક સંબંધ નથી.' ખાદીનો પર્યાય મનાતા અને પ્રામાણિક મનુષ્ય તરીકે ગણાતા મોહનદાસ કરમચંદ ગાંધી ખુદ જ કહે છે ખાદી અને પ્રામાણિકતાની વચ્ચે કંઈ આવશ્યક સંબંધ નથી! એટલું જ નહીં પણ ચોખવટ કરતા જાહેર જીવનના આ અણીશુદ્ધ મહાત્મા લખે છે 'દગાખોર માણસને પણ કપડાં તો પહેરવાં જ પડે છે; એટલે એ ખાદી પણ પહેરે.'

દિલગીરી વ્યક્ત કરવા સાથે તેઓ કહે છે ચરખા સંઘના બધા કામદારો કંઈ પ્રામાણિક છે એમ ન કહી શકાય બધા એવાં હોય એમ હું અવશ્ય ઈચ્છું. પણ બીજા ખાતાઓની જેમ ખાદી ખાતામાં પણ ધોળામાં કાળું રહેલું છે. વળી ધારે કે ખાદીખાતાના બધા માણસો પ્રામાણિક છે, એમ છતાં ખાદી પ્રચાર ભૂલભરેલી અને આર્થિક દૃષ્ટિએ નુકશાનકારક વસ્તુ હોઈ શકે.

અત્યારે ઑક્ટોબર મહિનામાં રાજનેતાઓની શિખના પરિણામે ખાદી 'ખરીદી' નું પ્રમાણ વધી જાય છે એવી જ કંઈક સ્થિતિ ૨૦મી સદીના એ ત્રીજા દાયકામાં પણ હશે એવી સમજણ આપણને મળતી હોય એવા ઉલ્લેખ સાથે ગાંધીજી લખે છે 'હું જાણું છું કે ઘણ ખાદી પ્રેમીઓ ખાદીના ગુણ ભાળીને એ તરફ નથી વળ્યા, પણ ખાદીની સાથે કંઈ સંબંધ ન હોય એવા કારણોથી વળ્યા છે. તો એ પણ જાણું છું કે ખાદી પ્રચાર દોષમય છે એમ સમજીને નહીં પણ ખાદીનો ત્યાગ કર્યો છે. તેથી દસ હજાર રૂપિયાની નોટના માલિક મદદ કરવા ધારે છે એવી આકસ્મિક મદદ મને ગમે છે, તેમ હશે તો જ થઈ શકશે. સદ્ભાગ્યે ખાદીની શક્તિ દિવસે દિવસે વધારે ને વધારે સિદ્ધ થતી જાય છે.'

રસિક જનનો 'ખાદી અને સચ્ચાઈ' ના શીર્ષક સાથે પત્ર છાપીને ખાદી અને ખાદી પ્રેમ, પ્રામાણિકતાની સ્પષ્ટતા કર્યા બાદ ગાંધી આ આખી વાતને જુદી રીતે મૂલવવાનો પ્રયાસ કરે છે.

પત્ર સંદર્ભે ગાંધી પોતાના વિચાર કરતાં તેઓ કહે છે : 'મજકૂર કાગળ ઉપરથી એક બીજો વિચાર આવે છે, તે કંઈક અંશે આપણને શરમાવતો વિચાર છે. બીજાઓની જણસ ન ચોરવાની સામાન્ય પ્રામાણિકતાવાળું કોઈ જોવામાં આવે તો તેમાં આપણે કેમ હર્ષ ઘેલા થઈ જઈએ? શું આપણે એટલા બધા હેઠે ઉતર્યા છીએ કે કોઈ દુકાનમાં ભૂલથી આપણા પૈસા રહી જાય તો તે આપણી પેટીમાં જ પડ્યા છે એમ માની સહી સલામત ન રહી શકીએ? ગમે તેમ હો. ખાદી ખાતામાં રહેલા સ્ત્રી-પુરુષોને આ કાગળ એક પાઠ શીખવે છે.'

મહાત્માની તાર્કિક દલીલો સાથે લેખનો છેલ્લો ફકરો ફરી એક વાર વાંચી જવા વિનંતી છે.

(લેખક ગુજરાત કોલેજ, અમદાવાદ ખાતે સમાજશાસ્ત્ર અધ્યાપક છે)

એક દિ' સૂરજ ઢળ્યાની વાત છે, ને તમે સામા મળ્યાની વાત છે આપણી વચ્ચે કશુંય કયાં હતું? વાત ચગડોળે ચડ્યાની વાત છે

એક દિ' સૂરજ ઢળ્યાની વાત છે,
ને તમે સામા મળ્યાની વાત છે.
આપણી વચ્ચે કશુંય કયાં હતું ?
વાત ચગડોળે ચડયાની વાત છે.

- (તખ્તસિંહ સોલંકી)

વસંતઋતુના આગમનના પડઘમ વાગી રહયાં છે. વસંતોત્સવના વધામણાં થઈ રહયાં છે. આપણે ત્યાં વસંતોત્સવની સાથે લગ્નોત્સવ જોડાઈ ગયેલો છે. ઝાડ પરથી પાન ખરે છે ને નવી કૂંપળ ફૂટે છે. આમ, પ્રકૃતિમાં ખરી જવાનીને નવું ઊગી નિકળવાની ઘટના અવિરત ચાલ્યા કરે છે. માવનીનાં જીવનની શંકાઓ અને પૂર્વગ્રહો ખરી પડે ત્યારે સમજણની નવી કૂંપળ ફૂટતી હોય છે. જીવનમાં બનતી આવી વિરલ ઘટનાને સાચો વસંતોત્સવ કહી શકાય. સમજણની કૂંપળ ફૂટવાની ઘટના દરેકના જીવનમાં કયાંથી?

લગ્નોત્સવના આ ઘોંઘાટમાં હૃદયોત્સવનાં સૂર કોરાણે મૂકાયા છે. જો લગ્નોત્સવ હૃદયોત્સવ બને તો અર્થ સરે. દરેક હસ્તમેળાપ હૃદયમેળાપમાં પરિણમે તો લગ્નોત્સવનું સૌંદર્ય ખીલી ઉઠે. દરેક હસ્તમેળાપ એ હૃદયમેળાપ નથી હોતા. દીકરીના મા-બાપે જન્માક્ષરમાં પરિશ્રમ, નિષ્ઠા અને નિર્વ્યસનના ગ્રહો યોગ્ય સ્થાને કાર્યાન્વીત છે કે કેમ તે ચકાસી લેવું જોઈએ. જન્માક્ષરમાં ધનવાન હોવા માત્રથી તે લાયક ઉમેદવાર થઈ જતો નથી. એ વાત સર્વત્ર સ્વીકાર્ય બની છે. હસ્તમેળાપને મનની લેબોરેટરીમાં ચકાસવા જેવું છે. પ્રેમનું દ્રાવણ ભેળવવાથી તે કેટલા સેન્ટીગ્રેડ તાપમાને હૃદયમેળાપમાં પરિણમે છે? માનવીના જીવનમાં શંકાઓ ખરી પડે અને જ્ઞાનની નવી કૂંપળ ફુટે તેવું બને ખરું? હઠાગ્રહ ને પૂર્વગ્રહ છોડી શકાય તો જ નૂતન વિચારને પકડી શકાય.

અદબ-પલાંઠી
મોં પર આંગળી
ડો. સંતોષ દેવકર

આજે કશું જ નહિ છોડવાનો અને બધું જ પોતાની પાસે પકડી રાખવાનો દૂરાગ્રહવાદ ચાલી રહયો છે. પ્રેમાગ્રહ અને દૂરાગ્રહનો ભેદ સમજી ન શકનાર હંમેશા પૂર્વગ્રહથી પીડાતા હોય છે. પૂર્વગ્રહ ને અને આત્મવિકાસને બારમો રાહુ છે. પ્રેમાગ્રહથી કૃષ્ણને વશ કરી શકે તે રાધા. હઠાગ્રહ દરેક સ્ત્રીનો જન્મસિદ્ધ અધિકાર છે. પ્રેમાગ્રહનું શસ્ત્ર નરસિંહ, મીરા અને તુકારામને હાથવગું હતું. જયાં પ્રેમ છે ત્યાં સત્ય છે.

જીવનમાં પ્રેમ ઉમેરાય ત્યારે ભવ્યતા પ્રગટે છે. પ્રેમ વગરના જીવનની કલ્પના પણ ન થઈ શકે. પ્રેમ શું છે તે મને ખબર છે. તેવી અજ્ઞાનતામાં આપણે જીવીએ છીએ. સાચા પ્રેમને પામવાનું આ પહેલું વિઘ્ન છે. પ્રેમ એક એવું મહાન રહસ્ય છે કે જેમણે આત્યંતિક પ્રેમ કર્યો હોય તેઓ પણ બરાબર જાણતા નથી કે વાસ્તવમાં પ્રેમ શું છે? પ્રેમની વ્યાખ્યા કયારેય થઈ નથી કે કરી શકાશે પણ નહિ. પ્રેમ સ્વભાવગત જ અવ્યાખ્યાયીત છે. પ્રેમને શબ્દ દ્વારા વર્ણવી ન શકાય. શબ્દો વામણાં પૂરવાર થાય. પ્રેમ ખૂબ વિરાટ છે. શબ્દો પ્રેમના પડઘાને પણ ઝીલી ન શકે.

દાર્શનિક ઓશો કહે છે કે લાખો લોકો એ મૂળ ધારણા સાથે જીવે છે કે તેમને ખબર છે કે પ્રેમ શું છે. પ્રેમ શું છે તેની ખોટી ધારણા જ તેમને પ્રેમની ખોજ કરતાં અટકાવે છે.

ભલે ગામ આખુ પ્રશંસા કરે પરંતુ એના બે બોલ વગર બધુ નકામુ લાગે ત્યારે સમજજો કે તમે એને પ્રેમ કરો છો. એની ગેરહાજરીમાં સૌની વચ્ચે એનું નામ દેવાય અને તમે શ્વાસ લેવાનું ચૂકી જાવ તો સમજ જો કે એ નામને તમે પ્રેમ કરો છો. એને જે ભાવે અને ગમે એ બધું જ જયારે તમને ગમવા માંડે તો સમજજો કે તમે એને પ્રેમ કરો છો. કોઈ ફિલ્મ જોતી વખતે એના પાત્ર ને તમે ફિલ્મના કોઈ પાત્ર સાથે એકરૂપ થતું અનુભવો તો સમજો કે તમે એને પ્રેમ કરો છો. એને દુઃખી જોઈને જો તમારું આંસુ તમારું કહયું ન માને ત્યારે ચોકકસ સમજજો કે તમે એને પ્રેમ કરો છો કવિ શૈલેશ પંડયા 'ભીનાશ' કહે છે - મારી હયાતી રોજ તારી આસપાસ છે, તું શોધ તારા રકતમાં મારો જ શ્વાસ છે.

જો તમે તમારું હૃદય નિઃસંકોચ કોઈકની આગળ ઠાલવી શકો તો સમજજો કે તમે એને પ્રેમ કરો છો.

જીવનમાં પહેલ-વ્હેલો મોબાઈલ ખરીદીને જેને પ્હેલો ફોન કરવાની ઈચ્છા થાય અને જે નામ હોઠ પર આવે એ નામને તમે પ્રેમ કરો છો.

આજે ખૂબ જ હતાશા જેવું લાગે છે. કાંઈ ગમતું નથી. એમ લાગે અને પછી જેની સાથે વાત કરવા માટે તમે નંબર જોડો છો એ નંબરના માલિકને તમે પ્રેમ કરો છો.

નદી કિનારાનું સુંદર સૂર્યાસ્તનું દૃશ્ય જોયા પછી તમારું મન આનંદીત થઈ જાય અને તમે ઈચ્છો કે કાશ એ જોડે હોત તો કેટલી મજા આવત. આ 'એ' ને તમે પ્રેમ કરો છો.

અરિસા સામે તૈયાર થતી વખતે જે 'બીજો' ચહેરો તમને દેખાય એને તમે પ્રેમ કરો છો.

ખોળામાં માથુ મુકીને તમામ ટેન્શન ભૂલી શકો અને તમે પ્રસન્ન થઈ શકો તો એ ખોળાના માલિકને તમે પ્રેમ કરો છો.

જેની ગેરહાજરીથી અસ્વસ્થ થઈ જવાય અને જો તેની હાજરી હોય તો મીઠી મૂંઝવણ થાય તો સમજો કે તમે એને પ્રેમ કરો છો.ઘણા સમયથી મળી શકાયુ નથી એ વિચારમાત્રથી જો તમારી આંખ છલકાઈ જાય તો સમજો કે તમે એને પ્રેમ કરો છો.

પ્રેમાગ્રહથી જીતી શકાય. પૂર્વગ્રહથી હારી શકાય. પૂર્વગ્રહ અધોગતિની નિશાની છે. વસંતઋતુ પ્રેમથી લથબથ થવાની અને પ્રિયજનના પ્રેમાગ્રહ આગળ હારી જવાની ઋતુ છે. કેટલાક પલળી શકે પણ ભીંજાઈ ના શકે તેવા કમનસીબ લોકો વસંતઋતુને માણવાનું ચૂકી જતાં હોય છે.

મિસરી

મૈં શબ્દ
તુમ અર્થ
તુમ બિન
મૈં વ્યર્થ

(અજ્ઞાત)

- santoshdevkar03@gmail.com

પ્રગટાવીને હોળી નફરતની; ફેલાવો સ્નેહ!

● ગાંધીનગર સાહિત્યસભા વૃત્ત

ગુજરાતી ભાષાના અમોલ સાહિત્યને હરદમ ધબકતું અને ધડકતું રાખવા તથા તેની ખુશ્બુને ચોદિશામાં મઘમઘતી અને મહેંકતી રાખવા, દરમાસે સાહિત્યિક કાર્યક્રમો યોજવામાં આવે છે તેમાં 'સર્જકની કેફિયત કાર્યક્રમ' અંતર્ગત તા. ૧૩મી માર્ચે શ્રી ભરત કવિના અધ્યક્ષપદે એક કાર્યક્રમ યોજાઈ ગયો; જેમાં કડી સર્વવિદ્યાલય કેમ્પસના ડિરેકટર અને સાહિત્યકાર ડૉ. સોમભાઈ પટેલે 'ગુજરાતી ભાષા પરિવર્તનની દિશામાં' વિષયે પોતાનું મનનીય વ્યાખ્યાન આપ્યું હતું, જે હાજર સર્વેએ મનભર માણ્યું, નાણ્યું અને વખાણ્યું હતું.

● વૃત્તસંચય

વર્ધમાન વિકાસ સેવા ટ્રસ્ટ, વઢવાણ દ્વારા ગુજરાતી ભાષાના પ્રતિષ્ઠિત કવિને, દર વર્ષે 'કવિશ્વર દલપતરામ એવોર્ડ'થી નવાજમાં આવે છે, જેમાં કવિનું રૂા. ૨૫ હજાર રોકડા, શાલ, સન્માનપત્ર અને સ્મૃતિચિહ્ન દ્વારા જાહેર સન્માન કરવામાં આવે છે. આવા સન્માનના અધિકારી અગાઉ કવિશ્રી નલિન રાવળ, ડૉ. ભાનુપ્રસાદ પંડ્યા, શ્રી હરિકૃષ્ણ પાઠક, ડૉ. વિનોદ જોશી, શ્રી હર્ષક ત્રિવેદી અને શ્રી રમેશ આચાર્ય બનેલ છે. સને ૨૦૧૬નો આ 'કવિશ્વર દલપતરામ એવોર્ડ' સુરતના જાણીતા કવિ - ગઝલકાર શ્રી નયન હ. દેસાઈને આપવાની જાહેરાત સંસ્થા દ્વારા કરવામાં આવી છે.

● સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા, સાહિત્ય વિકાસ ઉત્કર્ષમાં અને તેજસ્વી સાહિત્ય સર્જન માટે એવોર્ડ આપવામાં આવે છે. જેમાં ઉર્દુ સાહિત્ય અકાદમી દ્વારા પણ એવોર્ડ આપવામાં આવે છે, જેમાં એવોર્ડ સાથે રૂા. એક લાખ તેમજ શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવે છે. સને ૨૦૧૪ના આ સાહિત્ય ગૌરવ પુરસ્કાર માટે, સાહિત્ય વિકાસ ઉત્કર્ષમાં પોતાના તેજસ્વી સાહિત્ય સર્જન વિવેચન માટે ઉત્તમ પ્રદાન કરનાર બનાસકાંઠાના પાલનપુરના કવિ સિંધી અમીર મહંમદ દીનમહંમદ 'મુસાફિર પાલનપુરી'ની પસંદગી કરવામાં આવી છે. વ્યવસાયે નિવૃત્ત શિક્ષક મુસાફિર પાલનપુરીને સને ૧૯૯૮માં શ્રેષ્ઠ શિક્ષકનો રાષ્ટ્રપતિ એવોર્ડ પણ મળેલ હતો. સને ૨૦૦૫માં મીરજા ગાલિબ એવોર્ડ અને સને ૨૦૦૫માં ઉમાશંકર જોષી એવોર્ડથી તેઓ નવાજિત થયા હતા. તેમણે પોતાના સાહિત્યના ૬૦ વર્ષ દરમિયાન ૧૫ (પંદર) જેટલા પુસ્તકો લખ્યાં છે.

● બાળ સાહિત્ય અને બાળ સાહિત્યકારોના હક્ક, હિત અને વિકાસ માટે રચાયેલ બાળસાહિત્ય અકાદમી દ્વારા, સને ૨૦૧૪ તથા ૨૦૧૫માં પ્રકાશિત બાળસાહિત્યના પ્રથમ પુસ્તકને 'ડૉ. ઈશ્વર પરમાર પ્રથમ પુસ્તક પારિતોષિક' એનાયત કરવામાં આવશે. આથી જે બાળસાહિત્યકારનું બાળસાહિત્યનું પ્રથમ પુસ્તક આ બે વર્ષો દરમિયાન પ્રગટ થયું હોય તેઓ આ પુસ્તક અથવા તેની વિગતો તા. ૩૧.૩.૨૦૧૬ સુધીમાં 'યશવંત મહેતા, ૪૭/એ, નારાયણનગર સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭ ના સરનામે મોકલી આપે.'

● તાજેતરમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા, ભારતીય જ્ઞાનપીઠ - પુરસ્કૃત સાહિત્ય સર્જક રઘુવીર ચૌધરીનું 'હું અને અમૃતા' વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું. જેમાં સાહિત્ય સર્જક શ્રી અને 'અમૃતા' નવલકથાની સર્જનક્ષણો અને એની પશ્ચાદભૂની વિગતે રસપ્રદ શૈલીમાં વાતો રજૂ કરી હતી.

● ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ઉપક્રમે શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાનવિજ્ઞાન શ્રેણી અંતર્ગત તાજેતરમાં લંડનસ્થિત ડૉ. ફારુક ધાંચીનું પોતાના સર્જકકર્મ વિશે અને કવિશ્રી પંચમ શુક્લએ લંડનના ટ્યૂબ નેટવર્ક અને ડાયસ્પોરા એલિવન્ટ વિશે વાત કરી હતી.

● ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી શ્રી એસ.એસ. મહેતા આર્ટ્સ અને એમ. એમ. પટેલ કોમર્સ કૉલેજ, હિંમતનગરના સંયુક્ત ઉપક્રમે 'ગુજરાત દલિત નિબંધમાં પ્રગટતિ ગ્રામચેતના' વિષે એક દિવસીય પરિસંવાદ તા. ૧૮.૨.૨૦૧૬ના રોજ યોજાઈ ગયો. જેમાં વિવિધ વિષયો પર સર્વશ્રી કાનજી પટેલ, મણિલાલ હ. પટેલ, ડૉ. હસિત મહેતા, પ્રાગજીભાઈ ભામ્ભી, ડૉ. હિતેશ પંડ્યા, ડૉ. દશરથ પટેલ, ડૉ. યશોધર રાવલ, ડૉ. પ્રભુદાસ પટેલ તથા ડૉ. જે.સી. પટેલે વ્યાખ્યાનો આપ્યા હતા. પ્રથમ ઉદ્ઘાટન બેઠક અને અંતિમ શોધપત્ર વાચકબેઠકનું સંચાલન પ્રા. ડૉ. રુપા ભટ્ટે અને બીજી બેઠકનું સંચાલન ડૉ. દિનેશ પટેલિયા અને ડૉ. બી.જી. પરમારે કર્યું હતું. જયારે સમગ્ર પરિસંવાદનું આયોજન અને વ્યવસ્થા સંયોજન ડૉ. ઉત્પલ પટેલે કર્યું હતું.

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● ગુજરાત સાહિત્ય અકાદમી અને પ્રગતિ મંડળ, ભાદરણ સંચાલિત આર્ટ્સ, સાયન્સ અને કોમર્સ કૉલેજના ગુજરાતી વિભાગના સંયુક્ત ઉપક્રમે, 'ગુજરાતી નાટકોમાં લોકનાટ્યત્વનો વિનિયોગ વિષય પર તા. ૫.૨.૨૦૧૬ના રોજ એક પરિસંવાદ યોજાઈ ગયો. જેમાં ડૉ. દર્શના ઉપાધ્યાયે ભૂમિકા બાંધી હતી અને ડૉ. આશિષ કેતકર, જયેન્દ્ર શેખડીવાળા, મહેલ વ્યાસ, અને નવીનચંદ્ર ત્રિવેદીએ વ્યાખ્યાનો આપ્યાં હતા. સંચાલન શ્રી રાજેશ કારિયા તથા શ્રીમતી ફાલ્ગુની પટેલે કર્યું હતું. જયારે અનુરાધા પટેલે આભારવિધિ કરી હતી.'

દધિ બિંદુ

કૂકડાના કૂકડે... કૂક... અવાજને ભૂલી, તેની અજોડ સમયપાલનની નિયમિતતાને જીવનનો રાહ બનાવીએ.

દધિ હાઈકુ

(૧)	(૨)	(૩)
પ્રગટાવીને	રંગાય રંગે	ધૂળેટી દિને
હોળી નફરતની;	માનવદેહ પણ	રંગ છાયે નભમાં
ફેલાવો સ્નેહ!	દિલ ભીંજાય!	બનીને ધૂળ!
(૪)	(૫)	
રંગવા બ્હાને	હોળી આવી ગૈ,	
માશૂકા તણા ગાલે	છવાયો કેસૂડા પર	
ઘસે છે કર!	લાલ ગુલાલ!	

- muljibhaidadhi@gmail.com